લોકોની જિંદગી આટલી સસ્તી છે? અંકલેશ્વરના બે યુવાન સ્મશાનથી અંતિમવિધિ પૂરી કરી મોપેડ પર ઘરે પરત ફરતા હતા, ખુલ્લી ડ્રેનેજના ઢાંકણા સાથે મોપેડ અથડાતાં એકનું મોત, વિપક્ષનો આક્રોશ

પાલિકાના પાપે માસૂમની બલિ!

દોઢ મહિનાથી જાણ કરવા છતાં પાલિકાએ ઢાંકણું ન મૂક્યાનો વિપક્ષનો આક્ષેપ, જવાબદારી નક્કી કરી કાર્યવાહીની માંગ

મોતનો કૂવો

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકાની બેદરકારીના કારણે વધુ એક નિર્દોષનો ભોગ લેવાયો હોવાનો આક્ષેપ ઊઠ્યો છે. અંકલેશ્વરના અંતરનાથ મહાદેવ મંદિર નજીક ડ્રેનેજનું ઢાંકણું ખુલ્લું હોવાથી સ્કૂટર તેની સાથે અથડાયું હતું. અકસ્માતમાં એક્ટિવા પર પાછળ બેઠેલી વ્યક્તિ ઉછળીને નીચે ખાડામાં પટકાતા માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર ઈજાના પગલે તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ નગરપાલિકાના સત્તાધીશોની બેદરકારી સામે વિપક્ષ કોંગ્રેસે આકરા પ્રહારો કર્યા છે.

સુરતી ભાગોળ વિસ્તારમાં રહેતા રાકેશ વસાવા અને તેમના ફોઈનો દીકરો બીપીન વસાવા રામકુંડ સ્મશાનથી અંતિમવિધિ પૂરી કરી મોપેડ પર ઘરે પરત ફરી રહ્યા હતા. દૂધીયાપીરની દરગાહ નજીક સામેથી એમ્બ્યુલન્સ આવતાં મોપેડ ચાલકે કાબૂ

સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

ગુમાવ્યો હતો અને મોપેડ રોડ પર આવેલા ગટર લાઈનના ઊંડા ખાડામાં ખાબક્યું હતું ગંભીર રીતે ઘવાયેલા રાકેશ વસાવાને પ્રાથમિક સારવાર બાદ અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આ બનાવને પગલે નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ખાસ કરીને જોખમી બનેલી ખુલ્લી ડ્રેનેજ અંગે અગાઉથી જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. નગરપાલિકાના વિપક્ષના નગરસેવક જહાંગીર ખાન પઠાણે પાલિકા સત્તાધીશોને આડે હાથ લેતા જણાવ્યું હતુ કે, "છેલ્લા દોઢ મહિનાથી ડ્રેનેજ વિભાગના અધિકારીને ખુલ્લાં ઢાંકણાં અંગે જાણ કરવામાં આવી હતી. તેમ છતાં ઢાંકણું મૂકવામાં આવ્યું નહીં અને આખરે એક નિર્દોષ વ્યક્તિએ જીવ ગુમાવ્યો." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નગરપાલિકાની બેદરકારીના કારણે આ દુર્ઘટના બની હોય તો જવાબદારી નક્કી કરી કાર્યવાહી કરવી જોઈએ. સાથે જ મૃતકના પરિવારને યોગ્ય વળતર ચૂકવવાની પણ માંગ કરવામાં આવી છે.

ખુલ્લી ડ્રેનેજ અને જોખમી સ્થળોની સમયસર મરામત તથા સલામતીનાં પગલાં ભરવામાં ન આવે તો આવા અકસ્માતોનું પુનરાવર્તન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવે આ ગંભીર ઘટના બાદ પાલિકા તંત્ર દ્વારા જવાબદારી નક્કી કરી તાત્કાલિક પગલાં લેવામાં આવે છે કે નહીં તે જોવું.

તાજેતરમાં પડેલા વરસાદને કારણે ફરી ખાડો પડ્યો હોઈ શકે: જીગ્નેશ અંડારિયા

વિપક્ષના આક્ષેપો સામે નગરપાલિકા પ્રમુખ જીગ્નેશ અંડારિયાએ સ્પષ્ટતા કરી હતી કે, ખાડાનું સમારકામ અગાઉ પૂર્ણ કરી દેવાયું હતું, પરંતુ તાજેતરમાં પડેલા વરસાદને કારણે ફરી ખાડો પડ્યો હોઈ શકે છે. તેમણે સમગ્ર મામલે સંબંધિત અધિકારીઓ પાસેથી તાત્કાલિક રિપોર્ટ મંગાવી મૃતકના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

હિતેશ પટેલ

ખેલમાં ભંગ: નૌગામા ગામે જુગાર રમતા ૮ ઝડપાયા, ૪ ફરાર

તડકેશ્વર પોલીસે ૩.૩.૧૯ લાખનો મુદ્દામાલ કબજે લીધો

માંડવી: તડકેશ્વર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા નૌગામા ગામની સીમમાં જાહેરમાં ચાલી રહેલા જુગારધામ પર પોલીસે છાપો મારી ૮ જુગારીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જ્યારે ૪ શખ્સ ભાગી છૂટ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી રોકડ રકમ, મોબાઈલ અને વાહનો મળી રૂ.૩.૧૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ તડકેશ્વર પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, અરેઠના નૌગામા સીમમાં વિજયભાઈ પટેલના ખેતર પાસે જાહેરમાં કેટલાક ઈસમો ગંજીપાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસને જોતાં જ નાસભાગ મચી ગઈ હતી. જોકે, ટીમે ઘેરાબંધી કરી પંકજ ધનસુખ પટેલ, ગોમાન જેરામ પટેલ, સતીષ બળવંત પટેલ, અલ્પેશ ભીખા પટેલ, રાજુ ઈશ્વર પટેલ, શૈલેષ જશુ ચૌધરી, નાનુ સુકા પટેલ અને મુકેશ માધુ માહ્યાવંશી (તમામ રહે.,નૌગામા) ને ઝડપી પાડ્યા હતા.બીજી તરફ સતીષ મફત પટેલ, નરેશ મહેન્દ્ર પટેલ, નિલેશ ધનસુખ પટેલ અને અંકિત રમેશ પટેલ સ્થળ પરથી ફરાર થઈ જતાં પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા છે. દરોડા દરમિયાન પોલીસે દાવ પરથી તેમજ અંગજડતીમાંથી રોકડા રૂ.૧૯,૨૯૦, રૂ.૩૫,૦૦૦ની કિંમતના ૭ નંગ મોબાઈલ ફોન તથા રૂ.૨.૬૫ લાખની કિંમતનાં ૮ દ્વિચક્રી વાહનો મળી કુલ રૂ.૩,૧૯,૨૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ઝડપાયેલા તમામ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ પોસઈ અજય ઠાકોરે હાથ ધરી છે.

બુલેટ ટ્રેન, ફ્રેઇટ કોરિડોરના કારણે નિકાલ ન થતાં ખેતરોમાં પાણી ભરાયા

પાણીના નિકાલની અયોગ્ય વ્યવસ્થાથી ત્રાલસી-કોઠીના ખેતરોનો પાક નષ્ટ થવાની ભીતિ, ખેડૂતોમાં રોષ

ભરૂચ: ભરૂચ જિલ્લાના પશ્ચિમ ભાગમાં નવા પ્રોજેક્ટના આયામો બની રહ્યા છે, ત્યારે ઈજનેરી કૌશલ્ય ધરાવતા લોકો સુવિધા આપવામાં વામણા પડ્યા હોવાનું ઉજાગર થયું છે. ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં બુલેટ ટ્રેન અને ફ્રેઇટ કોરિડોરના કામને કારણે ત્રાલસી અને કોઠી વિસ્તારના ખેતરોમાં પાણી ભરાઈ રહ્યા છે. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ખેડૂતોમાં ભારે ગુસ્સો જોવા મળી રહ્યો છે.

ચોમાસામાં ખેતરોમાં પાણી ભરાઈ જતાં ઘણા વિસ્તારોમાં તળાવ બની જતાં ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે, બુલેટ ટ્રેન સહિતના પ્રોજેક્ટના કામ દરમિયાન પાણીના કુદરતી રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેના કારણે વરસાદનું પાણી ખેતરોમાં ભરાઈ રહે છે. ખાસ કરીને ત્રાલસી અને કોઠી જેવા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની આસપાસના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પાણી ભરાતા ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ સમસ્યા અંગે ખેડૂતોએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના અધિકારીઓ અને સંબંધિત વિભાગને ઘણી વાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. તેમ છતાં, પાણીના નિકાલ માટે કોઈ કાયમી અને યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી, એવો આક્ષેપ ખેડૂતોએ કર્યો છે.

આ ચોમાસામાં પણ ખેતરોમાં લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેવાથી હજારો વીઘા જમીનમાં ઊભા પાકને નુકસાન વેઠવાનો વારો આવી રહ્યો છે. આ ઘટનાને લઈને નોંધારા બનેલા ખેડૂતો દેવાના ડુંગર નીચે દટાઈ જવાની ભીતિ સેવી રહ્યા છે.

નર્મદા મૈયા બ્રિજ નીચે નદીમાંથી ૨૩ વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નર્મદા મૈયા બ્રિજ નીચે નર્મદા નદીના પાણીમાંથી ૨૩ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. યુવક મિત્રને મળવા જવાનું કહી ઘરેથી નીકળ્યો હોવાનુ જાણવા મળ્યુ છે.

મળતી માહિતી મુજબ, નર્મદા મૈયા બ્રિજ નીચે નદીના પાણીમાં યુવકનો મૃતદેહ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકી અને તેમની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પાણીમાંથી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ સમગ્ર ઘટનાની જાણ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી ઓળખ કરતા મૃતક મૂળ બિહારનો અને હાલ અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારમાં આવેલી પરિશ્રમ સોસાયટીમાં રહેતો ૨૩ વર્ષીય વિકાસકુમાર ઉપેન્દ્રસિંહ હોવાનું સામે આવ્યું હતું. વિકાસકુમાર મિશ્રને મળવા જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. બી ડિવિઝન પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરના જૂના છાપરા નજીક આધેડે ઝાડ સાથે ફાંસો ખાધો

અંકલેશ્વર: અંકલેશ્વરના જૂના છાપરા ગામ નજીક એક આધેડે ઝાડ સાથે દોરડા વડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં આવેલા દેવદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા અને મૂળ રાજસ્થાનના અભિષેક શિવદયાલ યાદવ (ઉં.વ.૫૦) જૂના છાપરા ગામ નજીક પહોંચ્યા હતા. જ્યાં તેમણે ઝાડની ડાળી સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

ગામતળાવ બુજરંગમાં દીપડો દેખાયો

શિકારી વન્યજીવ સીસીટીવીમાં કેદ થયો

માંડવી: માંડવીના ગામતળાવ બુજરંગ ગામે મોડી રાત્રે રહેણાક વિસ્તારમાં અચાનક દીપડો આવી ચઢતાં સમગ્ર પંથકમાં ભારે ભય અને દહેશતનો માહોલ ફેલાયો છે. આ દીપડો સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો.

તા.15 સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે આશરે 2:45 વાગ્યાના સુમારે ગામતળાવ વિસ્તારમાં રહેતા ગુલાબસિંહ માનસિંહ ડુમસીયાના ઘર નજીક સીસીટીવી કેમેરામાં દીપડો શિકારની શોધમાં લટાર મારતો સ્પષ્ટપણે કેદ થયો હતો. રાત્રિના શાંત વાતાવરણમાં શ્વાનોના સતત ભસવાના અવાજથી શંકા જતાં સ્થાનિકોએ સવારે સીસીટીવી ફૂટેજ ચકાસ્યાં હતાં, જેમાં દીપડાની ખુલ્લેઆમ હિલચાલ સામે આવતાં ગ્રામજનો ચોંકી ઊઠ્યા હતા.

પહાજ હત્યાકાંડ, આરોપીનાં કપડાં અને બુલેટ બાઇક કબજે

ભરૂચ: વાગરાના પહાજ ગામે 12 સપ્ટેમ્બરે વસીમ ઇકબાલ દિવાનની હત્યા થઈ હતી. પોલીસે આરોપીએ ગુના સમયે પહેરેલાં કપડાં અને હત્યામાં ઉપયોગ થયાની શંકા હેઠળ બુલેટ મોટરસાઇકલ નં.(GJ-16-CJ-9192) કબજે કરી છે. પહાજમાં જીવલેણ હુમલા બાદ 13 સપ્ટેમ્બરની વહેલી સવારે વડોદરા ખાતે સારવાર દરમિયાન વસીમ દિવાનનું મોત થયું હતું. આ પછી પોલીસે તરત જ હત્યાનો ગુનો ઉમેરી તપાસ તેજ કરી હતી. પોલીસે 13 સપ્ટેમ્બરે બપોરે લગભગ 3 વાગ્યે મુખ્ય આરોપીને પકડી પાડ્યો હતો. પોલીસે પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોંકબજે લેવાયેલાં કપડાં અને બુલેટ મોટરસાઇકલને હવે ફોરેન્સિક અને અન્ય વૈજ્ઞાનિક તપાસ માટે મોકલવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે.

સંક્ષિપ્ત સમાચાર

ચીકલોટામાં દીપડાએ વાછરડીનો શિકાર કર્યો

પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગના ચીકલોટા ગામે મોડી રાત્રે શિકારની શોધમાં આવેલા દીપડાએ પશુઓ પર હુમલો કર્યો હતો. ગોવિંદભાઈ વિરજીભાઈ વસાવાના ઘર નજીક બાંધેલી પશુઓ પૈકી એક વાછરડીનું દીપડાએ મારણ કરતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો છે. ઘટનાની જાણ થતાં જ નેત્રંગ વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. દીપડાના સતત આંટાફેરાથી ગ્રામજનો પોતાની સુરક્ષાને લઈને ચિંતિત બન્યા છે. સ્થાનિકોએ પશુઓ અને લોકોના રક્ષણ માટે વનવિભાગ પાસે પાંજરું ગોઠવી દીપડાને વહેલી તકે પાંજરે પુરવાની માંગ કરી છે.

સાગબારામાં કન્ટેનરમાં આગ લાગી

સાગબારા, ભરૂચ: સાગબારા ITI ગેટ પાસે વહેલી સવારે દહેજથી પશ્ચિમ બંગાળ જતાં કન્ટેનર નં.(DD-01-M-9110) માં શોર્ટ સર્કિટના કારણે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. ફાયર બ્રિગેડ સ્ટેશન ૮૦ કિમી દૂર હોવાથી સ્થાનિક યુવાનોના પ્રયાસો છતાં કન્ટેનર બળીને ખાખ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ચાલકનો બચાવ થયો હતો, પરંતુ કન્ટેનર અને પ્લાસ્ટિક ટાંકીઓ મળી ૩.૭.૯૪ લાખનું નુકસાન થયું છે. ઘટના બાદ સ્થાનિકોમાં સાગબારા ખાતે તુરંત ફાયર બ્રિગેડની સુવિધા ફાળવવાની પ્રબળ માંગ ઊઠી છે.

નિઝરમાં મકાનમાંથી ઘો અને હરદુલીમાંથી ઘઉંલો સાપનું રેસ્ક્યુ કરાયું

કુકરમુંડા: નિઝર તાલુકામાં સાપ સહિતના વન્યજીવો રહેણાક વિસ્તારોમાં આવી ચઢવાના બનાવો વચ્ચે નિઝરના સ્નેક રેસ્ક્યુઅર દિલીપ પાડવી દ્વારા બે અલગ-અલગ સ્થળેથી વન્યજીવોનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર નિઝર મુખ્ય મથક ખાતે આવેલા એક રહેણાક મકાનમાં મોનિટર લિઝર્ડ એટલે કે ઘો દેખાતાં પરિવારજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ નિઝરના સ્નેક રેસ્ક્યુઅર દિલીપ પાડવીને કરવામાં આવતાં તેઓ સ્થળ પર પહોંચ્યા હતા અને સાવચેતીપૂર્વક ઘોનું રેસ્ક્યુ કર્યું હતું. ઉપરાંત નિઝરના હરદુલી ગામમાંથી પણ એક બેન્ડેડ રેસર સાપ, જેને સ્થાનિક ભાષામાં ઘઉંલો સાપ તરીકે ઓળખવામાં આવે છે, તેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. દિલીપ પાડવી દ્વારા બંને વન્યજીવોને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી માનવ વસાહતથી દૂર તેમના કુદરતી રહેઠાણમાં મુક્ત કરવામાં આવ્યા હતા.

તાડકૂવા પાસે ભેંસોની હેરાફેરી, બે ટ્રક ઝડપાઈ

વ્યારા: વ્યારામાં નેશનલ હાઇવે નં.53 પર તાડકૂવા પાસે પોલીસે બાતમીના આધારે ગેરકાયદે રીતે ભેંસો લઈ જતી બે ટ્રકને ઝડપી પાડી હતી. મળતી માહિતી મુજબ કાકરાપાર પોલીસને બાતમીના આધારે તાડકૂવા ગામની સીમમાં હાઇવે પર બે ટ્રકમાં ગેરકાયદે ખીચોખીચ ભરી લઈ જવાતી ભેંસો મળી આવતાં પોલીસે ટ્રક નં.(RJ 21 GD 4018)ના ડ્રાઇવર ઈરફાન ઇસ્માઇલ સિંધી (ઉ.વ.37) (રહે.,વલણ, અલકાપુરી પ્રાથમિક શાળાની પાછળ, તા.કરજણ, જિ.વડોદરા), ક્લીનર સોયબ હનીફ કાળા (ઉ.વ. 36) (રહે.,વલણ, પંજાબ આવાસ, ક્રિયા વલણ રોડ, તા.કરજણ), અન્ય ટ્રક નં.(GJ 31 T 5193)ના

આરોપી ડ્રાઇવર શબ્બીર વલી ગની (ઉ.વ.56) (રહે.,શીતપણ, મડનીનગર, તા.જિ.ભરૂચ), ક્લીનર મુનાફ અલી નડિયાદી (ઉ.વ.51) (રહે.,વલણ, અલકાપુરી પ્રાથમિક શાળાની પાછળ)ની ધરપકડ કરી ભેંસોને ઉગારી લઈ બંને ટ્રક મળી કુલ રૂ.22,16000 કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

सचोट અને વિશ્વસનીય દૈનિક અખબાર ગુજરાતમિત્રને ૧૬૪ માં વર્ષમાં પ્રવેશ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

દેલાડ વિસ્તારમા ડેન્ગ્યુના વાવરને લઈ દેલાડ ગામજનોએ સાવચેતીના પગલાં ભરવા જેમકે ડેન્ગ્યુ ફેલાવતા એડિસ મચ્છર સામાન્ય રીતે દિવસે કરડે છે માટે પાણી ભરાઈ રહેવા ન દેવું ઘરની આસપાસ અગાસી પર, જુના ટાયર, તૂટેલા ડબ્બા, કુંડામાં પાણી જમા ન થવા દો પાણીની ટાંકી ઢાંકીને રાખવી, કુલર અને ફ્રીજની ટ્રે સાફ કરવી, પક્ષીઓના અને કૂલદાનીમા બે દિવસ માજ નિયમિત પાણી બદલવું.

દેલાડ ગામના વિકાસ માટે સમયસર વેરો ભરો.

લિ. દેલાડ ગામ પંચાયત
સરપંચશ્રી
વિણાબેન ભાવિનભાઈ પટેલ
તમામ સભ્યશ્રીઓ

Milano MULTIPLEX
બારડોલી

Haiwaan
10:00am, 12:00pm, 04:00pm, 09:00pm

Mirzapur : The Movie
11:00am, 02:00pm, 06:00pm, 10:00pm

Hanuman Ansh
03:00pm, 06:30pm, 09:30pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

પંચકર્મ - અગ્નિકર્મ - પેઘનકર્મ - મર્મરૂ:હ પીડન ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો

નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com | રી-સર્ચ ફોર આયુર્વેદા | 35 YEARS EXPERIENCE

રાહતદરે આયુર્વેદિક કેમ્પ
17 - 18 સપ્ટેમ્બર
સવારે 09:00 થી સાંજે 05:00

આ રોગો માટે આયુર્વેદિક કન્સલ્ટેશન ઉપલબ્ધ

- સંધિવાત - આમવાત
- અર્શ (પાઈલ્સ)
- માણકાની સમસ્યાઓ
- PCOD, PMOS, વંધ્યત્વ
- સાઇટીકા
- ગેસ, એસિડિટી, જૂની કબજિયાત

વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ B.A.M.S., M.D. (Ayu.), Ph.D.
ડૉ. દેનિશા વઘાસીયા B.A.M.S.

₹600/- ₹100/- રજીસ્ટ્રેશન ફરજીયાત | દવાઓ અને પંચકર્મ સારવાર ઉપર 15% ડિસ્કાઉન્ટ | મેડિકલેમ સુવિધા ઉપલબ્ધ

ભીખીબા કેમ્પસ, કમલછોડ (બાજીપુરા), તા. વાલોડ, જિ. તાપી - 394690.
MO. - +91 75748 61853

164માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે 'ગુજરાતમિત્ર'ને ખૂબ ખૂબ અભિનંદન

સાયણમા ડેન્ગ્યુના વાવરને લઈ સાવચેતીના પગલાં ભરવા જેમકે ડેન્ગ્યુ ફેલાવતા એડિસ મચ્છર સામાન્ય રીતે દિવસે કરડે છે માટે પાણી ભરાઈ રહેવા ન દેવું. ઘરની આસપાસ અગાસી પર, જુના ટાયર, તૂટેલા ડબ્બા, કુંડામાં પાણી જમા ન થવા દો. પાણીની ટાંકી ઢાંકીને રાખવી, કુલર અને ફ્રીજની ટ્રે સાફ કરવી, પક્ષીઓના અને કૂલદાનીમા બે દિવસ માજ નિયમિત પાણી બદલવું.

સાયણ ગામના વિકાસ માટે સમયસર વેરો ભરો.

લિ. સાયણ ગામ પંચાયત
સરપંચશ્રી: ભાવનાબેન મનીષભાઈ પટેલ
ઉપસરપંચશ્રી: શૈલેષભાઈ દોલતભાઈ પટેલ
તલાટી કમ મંત્રીશ્રી: સુનિલ એચ. દેસાઈ

विमलભાઈ જૈન ઉદ્યોગપતિ (સમાજસેવક)
તથા પરિવાર. મૂળ રહેવાસી વેલાછા. હાલ રહેવાસી સુરત

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૫૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિક્યુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદારો અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદારો અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ કરેલ વધારા નું વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૫૪૬૧૫૮૪૦	હોમ લોન	૧. ચૌહાણ સુરેશભાઈ ૨. ચૌહાણ લતાબેન	૨૯–ઓગસ્ટ–૨૦૨૬	રૂા.૫,૧૩,૧૪૨.૬૪/–

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી બિન ખેતી જમીન નો જૂની મિલકત નં.૧૭૩/૧ નવી મિલકત નં. ૧૮૫ ભોયતળિયા માપ ૪૬૮ ચો.ફુટ અથવા ૪૩.૪૭ ચો.મીટર મુ. મોજે વાવલી, તાલુકો જંબુસર, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અને સબ ડિસ્ટ્રીક્ટ જંબુસર, જિલ્લો–ભરૂચ ગુજરાત–૩૯૨૧૫૦ ખાતે આવેલ છે ચતુર્દીશા: **પુર્વ તરફ :** કાશીભાઈ ખુશાલભાઈ નું ઘર, **પશ્ચિમ તરફ :** રોડ, **ઉત્તર તરફ :** પ્રવિણભાઈ ભોગીલાલ નું ઘર, **દક્ષિણ તરફ :** કીર્તીભાઈ રાયસંગભાઈ નું ઘર આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૬.૦૯.૨૦૨૬
સ્થળ : ભરૂચ, ગુજરાત